પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૩૭ | ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૧, ગુરૂવાર; મહા સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે દેશભરમાં ખેડૂતોનું 'રેલ રોકો'

## બપોરે ૧૨થી ૪ વાગ્યા સુધી રેલ રોકોનું એલાન કરાયું

ન્યુ દિલ્હી,તા.૧૭

ખેડૂતોનુ આંદોલન છેલ્લા ત્રણ મહિનાથી ચાલુ છે. ખેડૂતોએ સ્પષ્ટ કરી દીધુ છે કે જ્યાં સુધી મોદી સરકાર ત્રણે નવા કાયદાને પાછા નહિ લે ત્યાં સુધી તે આંદોલન કરતા રહેશે. આ દરમિયાન ક્લાઈમેટ એક્ટિવિસ્ટ દિશા રવિની દિલ્લી પોલિસે ટૂલકિટ મામલે ધરપકડ કરી. જેનાથી ખેડૂતોનો ગુસ્સો વધુ ભડકી ગયો છે. આ માટે ખેડૂતોએ ૧૮ ફેબ્રુઆરીએ દેશવ્યાપી રેલ રોકો આંદોલનનુ એલાન કર્યુ છે. આ પહરેલા ખેડૂતોએ ચક્કાજામ કર્યુ હતુ. જેનાથી દિલ્લી, યુપી અને ઉત્તરાખંડને અલગ રાખવામાં આવ્યા પરંતુ રેલ રોકો આંદોલન આખા દેશમાં થશે.

સંયુક્ત ખેડૂત મોરચાના જણાવ્યા મુજબ જે સમયે ટ્રાફિક સૌથી ઓછો રહે છે એ વખતે તેમણે ચક્કાજામ કર્યુ હતુ. આ રીતે તેમણે રેલ રોકો આંદોલનની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. ૧૮ ફેબ્રુઆરીએ બપોરે ૧૨ વાગ્યાથી લઈને ૪ વાગ્યા સુધી રેલ રોકો આંદોલન થશે. ખેડૂત નેતાઓના જણાવ્યા મુજબ તેમનો હેતુ માત્ર સરકાર સુધી પોતાનો અવાજ સંભળાવવાનો છે. દિવસમાં ટ્રેનોની અવરજવર ઓછી રહે છે એવામાં તેમણે આંદોલન માટે ચાર કલાકનો સમય પસંદ કર્યો છે જેથી મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો ના પડે.

### ટ્રેનોના રૂટમાં ફેરફાર

ખેડૂત આંદોલનનો સૌથી વધુ પ્રભાવ પંજાબમાં જોવા મળી રહ્યો છે. જેના કારણે રેલવેએ નાંદેડ અમૃતસર એક્સપ્રેસને ચંદીગઢ સુધી જ લઈ જવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત અમૃતસર-નાંદેડ એક્સપ્રેસ પણ અમૃતસરની જગ્યાએ ચંદીગઢથી ચાલશે. વળી, કોરબા-અમૃતસર એક્સપ્રેસને અંબાલા સ્ટેશન પર ટર્મિનેટ કરી દેવામાં આવશે. સાથે જ અમૃતસરથી કોરબા જતી ટ્રેન અંબાલાથી જ શરૂ થશે.

આ મામલે ભારતીય ખેડૂત સંગઠનના પ્રવકતા રાકેશ ટિકૈતે કહ્યુ કે તે રસ્તામાં ટ્રેનને નહિ રોકે. તે કાયદેસર એન્જિન પર ફૂલ-માલા ચડાવીને ટ્રેનોની અવરજવર સ્ટેશન પરથી બંધ કરાવી દેશે. મુસાફરોને મુશ્કેલી ન થાય તે માટે તેમને ચા-નાસ્તો ખેડૂતો તરફથી આપવામાં આવશે. વળી, બીજી તરફ ખેડૂતોના રેલ રોકો આંદોલનને જોતા જીઆરપી અને આરપીએફ એલર્ટ પર છે. બધા જવાનો અને અધિકારીઓન રજાઓ રદ કરી દેવામાં આવી છે. જ્યાં જ્યાં સ્થિતિ તણાવપૂર્ણ થઈ શકે છે ત્યાં વધુ જવાનોને તૈનાતી કરવામાં આવી રહી છે.

# આઝાદી બાદ પ્રથમ વખત મહિલાને ફાંસી અપાશે

**મથુરા જેલમાં મહિલા કેદી શબનમને ફાંસી અપાશે : અમરોહાની શબનમે ૨૦૦૮માં પ્રેમી સાથે મળી અડચણરૂપ બનેલ પરિવારના ૭ લોકોની કુહાડીથી કાપી હત્યા કરી હતી, સુપ્રિમ કોર્ટે નીચલી કોર્ટના ચુકાદાને યથાવત્ રાખ્યો, રાષ્ટ્રપતિએ પણ અરજી ફગાવી : નિર્ભયા કાંડના દોષિતોને ફાંસી પર લટકાવનાર પવન જલ્લાદે ફાંસી ઘરની મુલાકાત કરી**



મથુરા,તા.૧૭

મથુરાની જેલમાં મહિલાને ફાંસી આપવાની તૈયારી જેલ પ્રશાસને શરૂ કરી દીધી છે. આ ફાંસી અમરોહાની રહેનારી મહિલા શબનમે અપાઈ શકે છે. તેણે એપ્રિલ ૨૦૦૮માં પ્રેમી સલીમની સાથે મળીને પોતાના જ ૭ પરિવારના સભ્યોની કુહાડીથી કાપીને હત્યા કરી હતી. મથુરા જેલ પ્રશાસનને દોરડાન ઓર્ડેર આપ્યો છે. નિર્ભયા કાંડના દોષીઓને ફાંસી પર લટકાવનાર પવન જલ્લાદે ફાંસી ઘરની મુલાકાત પણ લીધી છે. જોકે ફાસીની તારીખ હજી સુધી નક્કી કરવામાં આવી નથી. જો શબનમે ફાંસી થાય છે તો આ આઝાદ ભારતનો પ્રથમ મામલો હશે.

જોકે દોષિત શબનમે સુપ્રીમ કોર્ટના ચુકાદાને પડકાર્યો હતો. જ્યાં સુપ્રીમ કોર્ટ નીચલી કોર્ટના ચુકાદાને યથાવત રાખ્યો છે. તે પછી શબનમ-સલીમે રાષ્ટ્રપતિને દયા અરજી મોકલી હતી. જોકે

● અનુસંધાન પાન-૭ પર

# પંજાબમાં ૭ મહાપાલિકામાં કોંગ્રેસનો વિજય

**ખેડૂત આંદોલનની અસર ચૂંટણી પર દેખાવા માંડી : ભટિંડા મનપા ૫૩ વર્ષ બાદ કોંગ્રેસને મળી, કોંગ્રેસે અત્યાર સુધીમાં ૯૮ મ્યુનિસિપલ કાઉન્સિલમાં જીત હાંસલ કરી : ભાજપ સામે ખેડૂતોનો રોષ**



ચંદિગઢ, તા. ૧૭

આજે બુધવારે પંજાબમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામ જાહેર થયા, જેમાં કોંગ્રેસે પંજાબની સાત મહાનગરપાલિકાઓમાં ભાજપના સૂપડાં સાફ કરી નાંખ્યા છે. કોંગ્રેસે મોગા, હોશિયારપુર, કપૂરથલા, અબોહર, પઠાનકોટ, બટાલા અને ભટિંડા મહાનગરપાલિકા જીતી લીધી છે.

ભટિંડા મહાનગરપાલિકા કોંગ્રેસના ભાગે ૫૩ વર્ષ બાદ આવી છે. જ્યારે કોંગ્રેસ અત્યાર સુધી ૯૮ મ્યુનિસિપલ કાઉન્સિલમાં જીત હાંસલ કરી છે. આવતાં વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સેમી ફાઈનલ તરીકે જોવામાં આવી રહી હતી.

મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપરાંત પંચાયતમાં પણ કોંગ્રેસ પાર્ટી આગળ છે. ગુરદાસપુર શહેરમાં પણ કોંગ્રેસ પાર્ટીએ તમામ વોર્ડમાં જીત હાંસલ કરી છે. અહીં તમામ ૨૯ વોર્ડ કોંગ્રેસના ખાતામાં આવ્યા છે. ગુરુદાસપુરથી ભાજપના સની દેઓલ સાંસદ છે.

● અનુસંધાન પાન-૭ પર

# પેટ્રોલ અને ડીઝલ ઉપર હવે બીજો વિકલ્પ વિચારો : ગડકરી

**મંત્રાલય વૈકલ્પિક ઈંધણ પર જોરશોરથી કામ કરી રહ્યું છે, હવે દેશમાં વૈકલ્પિક ઈંધણનો સમય આવી ગયો છે : ગડકરીની સ્પષ્ટ વાત**

નવી દિલ્હી,તા.૧૭

પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ઘણા રાજ્યોમાં તો પેટ્રોલની કિંમતો



૧૦૦ રૂપિયા પ્રતિ લિટરની નજીક પહોંચી ગઈ છે. એવામાં સરકાર કિંમતોમાં ઘટાડો કરવાની વાત તો દૂર રહી, બીજા વિકલ્પ વિચારવાની વકીલાત કરી રહી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ દેશમાં વૈકલ્પિક ઈંધણની વકીલાત કરતા મંગળવારે કહ્યુ કે, હવે તેનો સમય આવી ગયો છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીનું કહેવું છે કે, વિજળીને ઈંધણના રૂપમાં પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. જે આવનારા સમય માટે શુભ સંકેત છે. નીતિન ગડકરીએ કહ્યું કે, અમારું મંત્રાલય વૈકલ્પિક ઈંધણ પર જોરશોરથી કામ કરી રહ્યું છે. મારું સૂચન છે કે, હવે દેશમાં વૈકલ્પિક ઈંધણનો સમય આવી ગયો છે. હું પહેલેથી જ ફ્લુઅલ માટે ઈલેક્ટ્રિસિટીને મહત્વ આપવાની વાત કરી રહ્યો છું, કેમકે આપણી પાસે સરપ્લસ વિજળી છે. ગડકરીએ કહ્યું કે, દેશમાં પહેલેથી ૮૧ ૮૧ ટકા લીથિયમ-આયન બેટરીઝ બની રહી છે. તે સાથે જ હાઈડ્રોજન ફ્લુઅલ સેલ્સને પણ વિકસિત કરવાનો પ્રયાસ સરકાર કરી રહી છે. એવામાં અમારું માનવું છે કે, હવે ઈંધણના નવા વિકલ્પનો યોગ્ય સમય આવી ગયો છે. લીથિયમ આયન બેટરીના ક્ષેત્રમાં હજુ ચીન જેવા દેશોનો દબદબો છે, પરંતુ ભારત સરકાર પણ ઈંધણના વિકલ્પને લઈને ઝડપથી કામ કરી રહી છે અને આ ક્ષેત્રમાં પોતાનો દબદબો બનાવવા ઈચ્છે છે.

## રાજસ્થાનના શ્રી ગંગાનગરમાં પેટ્રોલ રૂ. ૧૦૦ને પાર



ગંગાનગર, તા. ૧૭

દેશમાં પહેલીવાર પેટ્રોલની કિંમત પ્રતિ લીટર રૂ. ૧૦૦ને પાર કરી ગઈ છે. તેલ કંપનીઓએ આજે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૨૫-૨૫ પૈસાનો વધારો કર્યો છે. રાજસ્થાનના શ્રી ગંગાનગરમાં પેટ્રોલનો ભાવ રૂ. ૧૦૦ને પાર કરી ગયુ છે.

પેટ્રોલ દિલ્હીમાં ૮૯.૫૪ રૂ. અને મુંબઈમાં રૂ. ૯૬ને પાર પહોંચી ગયુ છે. આ વર્ષે પેટ્રોલ રૂ. ૫.૮૩ અને ડીઝલ રૂ. ૬.૧૮ મોંઘુ થયુ છે.

ફેબ્રુઆરીમાં પેટ્રોલ-ડીઝલના દરમાં અત્યાર સુધીમાં ૧૧ વખત વધારો થયો છે. અગાઉ જાન્યુઆરીમાં ૧૦ વખત ઈંધણમાં વધારો થયો હતો.

અમદાવાદમાં પેટ્રોલનો ભાવ રૂ. ૮૬ અને ડિઝલનો રૂ. ૮૬.૭૪ થયો છે. ક્રુડ ઓઈલ મોંઘુ થવાનુ કારણ આપીને ઓઈલ કંપનીઓ દરરોજ ભાવ વધારી રહી છે. બ્રેન્ટ ક્રુડ ૬૩ ડોલરને પાર કરી જતાં પેટ્રોલ-ડીઝલનો ભાવ આસમાને આંબી રહ્યો છે.

# પહેલી એપ્રિલથી ટેલિકોમ કંપનીઓ ભાવ વધારશે

**રેટિંગ ઈક્રાના અહેવાલમાં વાત સામે આવી : લોકડાઉનમાં અન્ય અનેક ક્ષેત્રોના બુરા હાલ પણ ટેલિકોમ કંપનીઓની એવરેજ રેવન્યુમાં ખૂબ જ સુધારો થયો છે**

નવી દિલ્હી, તા. ૧૭

મોબાઈલ પર વાત કરવી અને ઈન્ટરનેટનો ઉપયોગ મોંઘો થવાનો છે. ટેલિકોમ કંપનીઓ આ વર્ષે ૧લી એપ્રીલથી દરોમાં વધારો કરવાની તૈયારીમાં છે. સાથે જ તેને આગળ પણ દરોમાં વધારો કરી શકે છે. રેટિંગ ઈક્રાની રિપોર્ટમાં આ વાત સામે આવી છે. કોરોના સંકટ અને ખાસ કરીને લોકડાઉનમાં જ્યાં અન્ય ક્ષેત્રો મુશ્કેલી વધી છે ત્યારે ટેલિકોમ કંપનીઓની એવરેજ રેવન્યૂ એટલે કે પ્રતિ ગ્રાહક સરેરાશ રેવન્યૂમાં સુધારો થયો છે. જોકે ટેલિકોમ કંપનીઓના વધતા ખર્ચાને જોતા આ પુરતું નથી. એવામાં કંપનીઓ મોબાઈલ દરોને વધારીને તેને ભરપાઈ કરવાની તૈયારીમાં છે. આ પહેલા ગત વર્ષે પણ કેટલીક ટેલિકોમ કંપનીઓએ દરોમાં વધારો કર્યો હતો. ઉલ્લેખનિય છે કે કુલ એજીઆરનું બાકી ૧.૬૯ લાખ કરોડ રૂપિયા છે. જ્યારે હજુ સુધી માત્ર ૧૫ ટેલિકોમ કંપનીઓએ માત્ર ૩૦,૨૫૪ કરોડ રૂપિયા જ ચુકવ્યા છે. એરટેલ પર લગભગ ૨૫,૯૭૬ કરોડ રૂપિયા, વોડાફોન-આઈડિયા પર ૫૦૩૯૯ કરોડ રૂપિયા અને ટાટા ટેલિસર્વિસેઝ પર લગભગ ૧૬,૭૯૮ કરોડ રૂપિયા બાકી છે. કંપનીઓને ૧૦% રકમ ચાલુ નાણાંકિય વર્ષમાં અને બાકીની રકમ આગળના વર્ષોમાં ચુકવવાની છે.

# મધ્યપ્રદેશમાં વેક્સિન લેનારા લાખ લોકોના મોબાઈલ નંબર સરખા મળ્યા

**મપ્રમાં કોરોનાની વેક્સિનમાં પણ કૌભાંડની ગંધ : રસીકરણ અભિયાનના ૧૧મી ફેબ્રુઆરીએ તૈયાર થયેલા એનએચએમ રિપોર્ટમાં ચોંકાવનારી હકીકત સામે આવી**

ભોપાલ, તા. ૧૭

મધ્ય પ્રદેશમાં કોરોના વેક્સિન લેનારા એક લાખથી વધુ લોકોનો એક જ મોબાઈલ નંબર હોવાનું સામે આવ્યું છે. જેના કારણે લોકોને બીજા ડોઝ અંગે માહિતી ન મળી શકી. આ વાત સામે આવતાં સરકારે તપાસના આદેશ આપ્યા છે.

રસીકરણ અભિયાનના ૧૧મી ફેબ્રુઆરીએ તૈયાર થયેલા એનએચએમના રિપોર્ટમાં જાણવા મળ્યું કે, રસી લેનારા ૧,૩૭,૪૫૪ કર્મચારીઓના મોબાઈલ નંબર એક સરખા છે. આમાં ૮૩,૫૯૮ આરોગ્યકર્મી, ૩૨,૪૨૨ શહેર વહીવટ અને આવાસ વિભાગના કર્મી, ૬,૯૭૭ મહેસૂલ વિભાગના, ૭,૩૩૮ ગૃહ વિભાગના અને ૧૧૯ પંચાયતી રાજ વિભાગના કર્મચારીઓના મોબાઈલ નંબર એક સરખા મળ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## વોન્ટેડ મનિંદર સિંહને અંતે પીતમપુરથી ઝડપી લેવાયો

નવી દિલ્હી, તા. ૧૭

૨૬મી જાન્યુઆરીએ ટ્રેક્ટર રેલી દરમિયાન દિલ્હીમાં થયેલી હિંસા મામલે પોલીસને સફળતા મળી છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે આ મામલે વોન્ટેડ મનિંદર સિંહની કાલે પીતમપુરથી ધરપકડ કરી હતી. સાથે જ પોલીસે તેના સ્વરૂપ નગર સ્થિત ઘરેથી બે તલવારો પણ કબજે કરી હતી.

આરોપી મનિંદર સિંહ ૨૬મી જાન્યુઆરીએ બાઈક પર તેના પાંચ સાથીઓ સાથે ટ્રેક્ટર રેલીમાં સામેલ થવા નીકળ્યો હતો. સાથીઓ સાથે ટ્રેક્ટર રેલીમાં સામેલ થયા બાદ તે લાલ કિલ્લામાં ઘુસ્યો હતો અને તેણે તલવાર લહેરાવીને ડાન્સ કર્યો હતો. સાથે જ તેણે બીજા પ્રદર્શનકારીઓને પણ ઉશ્કેર્યા હતા.

# ગાઈડલાઈન્સનું પાલન નહીં થાય તો લોકડાઉન : ઉદ્ધવ

**લોકોમાં કોરોનાને લઈને ગંભીરતા ઓછી થઈ રહી છે : ઉદ્ધવ ઠાકરેની લોકોને લોકડાઉનમાં છૂટછાટ દરમિયાન ગાઈડલાઈન્સનું પાલન ન કરતા હોઈ નિયંત્રણની ચિમકી**

મુંબઈ, તા. ૧૭

ધીરે ધીરે ભારતમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા અને એક્ટીવ કેસની સંખ્યા ઘટી રહી છે. પરંતુ કોરોના વાયરસ સંપૂર્ણ રીતે નાશ નથી પામ્યો. છતાં કોરોના ગાઈડલાઈન્સનું પાલન કરવાની શરતે કેન્દ્ર સરકારે આપેલી છૂટછાટ બાદ પણ લોકોમાં કોરોના મામલે ગંભીરતા ઓછી થઈ ગઈ છે. લોકો માસ્ક વગર અને સોશિયલ ડીસ્ટન્સીંગનું બરાબર પાલન નથી કરી રહ્યા. આ કારણે મહારાષ્ટ્રમાં છેલ્લાં અઠવાડિયામાં કોરોના સંક્રમીત દર્દીઓની સંખ્યા વધી રહી છે. આ મામલે મુખ્યમંત્રી ઉદ્ધવ



ઠાકરે એ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન રાજ્યની જનતા માટે ચીમકી ઉચ્ચારી હતી અને કહ્યું હતું કે, લોકો કોરોના ગાઈડલાઈન્સનું પ્રોપર પાલન નથી કરી રહ્યા અને તેના કારણે સંક્રમણ વધતું જાય છે. લોકોને છૂટછાટ આપ્યા છતાં પણ લોકો ગંભીરતા સમજી રહ્યા નથી. જો આમ જ ચાલુ રહેશે તો રાજ્યમાં ફરી એક વાર લોકડાઉન લાગુ કરવાની ફરજ પડશે.

મહારાષ્ટ્રમાં છેલ્લાં એક અઠવાડિયાથી સરેરાશ ૩,૫૮૧ કોરોના પોઝીટીવ કેસ સામે આવી રહ્યા છે. અત્યારે કોરોના સંક્રમિત કુલ ૩૬,૨૦૧ એક્ટીવ કેસ છે. જાન્યુઆરી મહિનાની દરરોજ કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યા કરતા, ફેબ્રુઆરી મહિનામાં કેસની સંખ્યા વધી રહી છે.




